# સેક્ટર ૩૦ સરકારી પ્રાથમિક શાળાના બાળકોની સાયન્સ સીટીની મુલાકાત

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત સાયન્સ સીટી, અમદાવાદ, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી શાળાના વિદ્યાર્થીઓને સાયન્સ સીટી ની વિનામૂલ્યે મુલાકાત ગોઠવવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ ગેલેરી ની મુલાકાત લીધી વિદ્યાર્થીઓએ પોતાની અવલોકન શક્તિ અને સાયન્સ પ્રત્યે રુચિ કેળવે તે માટે ખૂબ જ સરસ આયોજન કરવામાં આવ્યું હતું.



# આજે વર્લ્ડ વેટલેન્ડ ડે : નળ સરોવર ખાતે કરાશે 'વેટલેન્ડ ડે'ની ઉજવણી

ગાંધીનગર, તા.૩૧

વર્લ્ડ વેટલેન્ડ ડે... સામાન્ય માણસને પ્રશ્ન થાય કે આ વેટલેન્ડ એટલે શું ? સામાન્ય ભાષામાં કહીએ તો વર્ષનાં અમુક ચોક્કસ સમયગાળા દરમ્યાન કે બારેમાસ પાણીથી પ્લાવિત રહેતો એવો વિસ્તાર કે જેનું પોતાનું આગવું પરિસરતંત્ર(ઈકોલોજી) વિકાસ પામ્યું હોય તેને વેટલેન્ડ (જલપ્લાવિત વિસ્તાર) કહે છે. ૨ ફેબ્રુઆરીનાં રોજ ગુજરાત સહિત દુનિયાભરમાં 'વર્લ્ડ વેટલેન્ડ ડે' ઉજવવામાં આવશે. વેટલેન્ડને સંરક્ષિત બનાવી રાખવાનાં ઉદ્દેશ્યથી ૨ ફેબ્રુઆરી, ૧૯૭૧ ના રોજ ઈરાનના રામસર શહેરમાં એક કોન્ફરન્સ યોજાઈ હતી. ત્યારથી તેની યાદમાં દર વર્ષે આ દિવસને 'વર્લ્ડ વેટલેન્ડ ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉપરાંત મહત્વનાં



વેટલેન્ડનાં સંરક્ષણ અને વિકાસ માટે તેને 'રામસર સાઈટ' જાહેર કરવામાં આવે છે. વેટલેન્ડનાં ફાયદાઃ

વૈવિધ્યપૂર્ણ જીવસૃષ્ટિ માટે આદર્શ આશ્રયસ્થાનઃ વેટલેન્ડ વિવિધ પ્રકારનાં જીવો માટે એક આદર્શ રહેઠાણ છે. સુક્ષ્?મ જીવાતોથી લઈને છોડવાઓ, ઉભયજીવીઓ, રેપ્ટાઈલ્સ, માછલીઓ, સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ માટે જરૂરી પર્યાવરણ પૂરુ પાડે છે. અને જીવો જીવસ્ય ભોજનમ સ્વરૂપે તેમની આહાર શ્રુંખલા જળવાયેલી રહે છે. તાપમાનમાં ઘટાડો થાયઃ ગ્લોબલ વોર્મિંગનો પ્રશ્ન દુનિયાને પોતાનાં ભરડામાં લઈ રહ્યો છે ત્યારે પાણીનાં મોટા સ્ત્રોતોને કારણે સરેરાશ તાપમાનમાં ઘટાડો થાય છે. પાણીનું સ્તર જળવાયઃ વેટલેન્ડનું સંરક્ષણ કરવામાં આવે તો તેના લીધે ભુગર્ભ જળનું પ્રમાણ ઉંચુ આવે છે, અને પાણીના પ્રશ્નોના નિરાકરણમાં મોટી મદદ મેળવી શકાય છે. પોષકતત્વોની જાળવણી થાયઃ વેટલેન્ડ પાણીની ગુણવત્તા સુધારવામાં ઘણા મદદરૂપ થાય છે. નાઈટ્રોજન અને ફોસ્ફરસ જેવા તત્વોની રિસાયકલિંગ પ્રક્રિયામાં પણ તેઓ અગત્યની ભુમિકા ભજવે છે. વેટલેન્ડમાં ઉગેલી વનસ્પતિ દ્વારા આવા પોષકતત્વોને શોષી લેવામાં આવે છે, અને જ્યારે તેમનાં પર્ણ ખરી પડે, કે તેમનો નાશ થાય ત્યારે આ પોષકતત્વો અન્ય સ્વરૂપે ફરી વાતાવરણમાં પ્રવેશે છે. જળચક્ર અને કાર્બનચક્રનું સમતુલન જળવાયઃ વેટલેન્ડ ફોટોસીન્થેસીસની પ્રક્રિયા દ્વારા વાતાવરણનો કાર્બન ડાયોક્સાઈડ શોષી લઈને તેનું જૈવિક તત્વોમાં રૂપાંતરણ કરી દે છે. માણસ દ્વારા પેદા કરવામાં આવતા ગ્રીનહાઉસ ગેસની નકારાત્મક અસરો દુર કરવામાં પણ વેટલેન્ડનો અગત્યનો ફાળો છે.

# ગાંધીનગર ખાતે "જે.એસ.પટેલ મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન

ગાંધીનગર, તા.૦૧

ગાંધીનગરના સાર્થક ફાઉન્ડેશન તથા હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગરની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતી અને ક્રિકેટ રમવામાં રસ ધરાવતી દિકરીઓને ટુર્નામેન્ટમાં રમવાની તક પુરી પાડવાના હેતુથી તારીખ ૧૩, ૧૪ અને ૧૫ ફેબુઆરી ૨૦૨૩ દરમ્યાન "જે.એસ.પટેલ મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટમાં ગાંધીનગર શહેર વિસ્તારની શાળાની ૧૦થી ૧૭ વય ધરાવતી દિકરીઓની ટીમ ભાગ લઈ શકશે. ટુર્નામેન્ટમાં ક્વાર્ટર ફાઈનલ સુધીની બધી જ મેચો ૧૦ ઓવરની રમાડવામાં આવશે જયારે સેમી ફાઈનલ અને ફાઈનલ ૨૦ ઓવરની રમાડવામાં આવશે. ટુર્નામેન્ટ ઉદઘાટન કાર્યક્રમ તા.૧૩મી ફેબ્રુઆરી ૨૦૨૩, સોમવાર, સવારે ૮ કલાકે કોબા સર્કલ નજીક જે. એસ. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. ટુર્નામેન્ટમાં ભાગ લેવાની છેલ્લી તારીખ ૮મી ફેબ્રુઆરી સાંજે પાંચ વાગ્યા સુધીની રાખવામાંઆવી છે. ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે કુ.દર્શનબા રાજપૂતનો મો.નં.૯૯૯૮૦ ૭૬૪૦૨ અથવા સમીર રામીનો મો.નં. ૯૯૨૪૪૪૬૬૪૫ પર સંપર્ક સાધી શકાશે. ટુર્નામેન્ટમાં વહેલાં તે પહેલાંના ધોરણે ટીમને પ્રવેશ આપવામાં આવશે.

# બે અધિકારીની બદલીના હુકમ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે. રાજ્યના સનદી અધિકારી સોનલ મિશ્રાની ભારત સરકારમાં પ્રતિ નિયુક્તી પર નિમણુંક થતાં ગ્રામ વિકાસ કમિશનર તરીકે મિલિન્દ તોરવણેની નિયુક્તી કરવામાં આવી છે. જ્યારે પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગનો હવાલો મનોજ દાસને સોંપવામાં આવ્યો છે. કમિશનર સ્ટેટ ટેક્સ તરીકે ફરજો બજાવતા સમીર વકીલને ચીફ કમિશનર ઓફ સ્ટેટ તરીકે મિલિન્દ તોરવણેના સ્થાને નિયુક્ત કરવામાં આવેલ છે.

# બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન કૉલેજના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજ પોતાના સ્થાપના વર્ષ ૧૯૯૯થી ઍક યા બીજી રીતે વિદ્યાર્થીઓનાં સર્વાંગી ઘડતરમાં અનેકવીધ પ્રવૃતિઓ દ્વારા અમૂલ્ય યોગદાન આપતી રહી છે. વિદ્યાર્થીઓની પ્રાયોગિક તાલીમના ભાગરૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔધોગીક ક્ષેત્રમાં ચાલતા વ્યહવારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે કોલેજના ૨૨૫ વિદ્યાર્થીઓ ત્રણ અલગ અલગ મુલાકાત દ્વારા ગાંધીનગર સ્થિત એબી એન ધ્રુવ ઓટોક્રાફ્ટ(I) પ્રા.લી.પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત લીધી હતી. કંપની ટેક્રર, ડંફર તેમજ ટેલર્સનું નિર્માણ કરી રહી છે. જેમાં તેઓની ગુણવત્તા સમગ્ર ભારતમાં ઉત્કૃષ્ટ કહી શકાય તવી છે તેમ કંપનીના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓ ત્રણ જુથોમાં વહેંચાઈ ઇંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ. વિદ્યાર્થીઓનું ગ્રૂપ ઍક પછી ઍક પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કંપનીના ગિરીશભાઈ દ્વારા પ્લાન્ટ વિશેની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ દરેક મશીનરીનાં નામ તેમજ તેનુ મૂલ્ય તથા ખાસ કરીને ક્વાલિટી ઉપર કંપની કેવુ ધ્યાન આપે છે. તેમજ કર્મચારીની સુરક્ષાનું પ્લાન્ટ ઉપર પુરતુ ધ્યાન રાખવામાં આવ્યુ છે. સાથે સાથે ગ્રાહકને સંપૂર્ણ સંતોષ થાય તેમજ તેમની ફરિયાદોનું સત્વરે નિવારણ કરવા બાબતની જાણકારી આપી હતી. આ મુલાકાતને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય અને પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિનાં ઈંચાર્જ ડૉ.જયેશ તન્ના તેમજ પ્રો.આશિષ ભુવા, ડો.વિપલ પટેલ, ડો.શીતલ પટેલ અને પ્રો.જહાનવી મેવાડાએ જહેમત ઉઠાવી હતી.

# ભારતીય તટરક્ષક દળના ૪૭મા સ્થાપના દિવસની ગાંધીનગરમાં ભવ્ય ઉજવણી

## કોસ્ટગાર્ડના સૈનિકોએ ધૈર્ય અને શૌર્યથી સમુદ્રના તાલ-તરંગો સામે લડીને સીમાની સુરક્ષા સાચવી છે : શ્રી આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર, તા.૦૧

ભારતીય તટરક્ષક દળ-કોસ્ટ ગાર્ડના વીર સૈનિકોએ દૃઢ મનોબળ, ધૈર્ય, વીરતા અને શૌર્યથી સમુદ્રના તાલ-તરંગો સામે લડીને દેશની દરિયાઈ સીમાની સુરક્ષા સાચવી છે. રાષ્ટ્રની આંતરિક શાંતિ માટે અમૂલ્ય યોગદાન આપ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભારતીય તટરક્ષક દળના ૪૭ મા સ્થાપના દિવસે ગાંધીનગરમાં આયોજિત ભવ્ય સમારોહમાં સંબોધન કરતાં કહ્યું હતું કે, સીતાજીની શોધમાં લંકા જવા માટે શ્રીરામ રામેશ્વરમ્ ના દરિયાકાંઠે આવ્યા ત્યારે સમુદ્રએ પોતાના તાલ-તરંગોથી તેમને ભયભીત કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ શ્રીરામ સમુદ્રથી ડગ્યા ન હતા અને આખરે સમુદ્રએ માર્ગ કરી આપ્યો હતો. ભારતીય તટરક્ષક દળ પણ સમુદ્રના તાલ-તરંગોથી ભયભીત થયા વિના કઠિન પરિસ્થિતિમાં અનુકૂલન સાધીને ફરજ પર તહેનાત રહે છે અને રાષ્ટ્રની રક્ષા કરે છે.

ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને દક્ષિણ પશ્ચિમી વાયુ કમાનના એર ઓફિસર કમાન્ડર એરમાર્શલ શ્રી વિક્રમ સિંહજીની ઉપસ્થિતિમાં તટરક્ષક દળના ઉત્તર-પશ્ચિમ ક્ષેત્ર દ્વારા ગાંધીનગરના સર્કિટ હાઉસના પ્રાંગણમાં ૪૭ મા કોસ્ટગાર્ડ રાઈઝિંગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્થાપના દિવસની કેક કાપી હતી અને ગૃહરાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સાથે કોસ્ટગાર્ડના બ્રોશરનું લોકાર્પણ કર્યું હતું. મહાનુભાવોએ ગરિમાપૂર્ણ ડ્રીલ અને સનસેટ સેરેમની નિહાળી હતી.

પ્રાસંગિક ઉદબોધનમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રદેશની સરકારો અને પોલીસ દળના સહયોગમાં-સંકલનમાં રહીને ભારતીય તટરક્ષક દળે સમુદ્રી સીમાઓને અભેદ કરી છે.



ગાંધીનગર કોર્ટના વકીલોએ ડીસાના ધારાસભ્યનુ અનોખી રીતે સ્વાગત કર્યુ હતુ. ડિસાના ધારાસભ્ય પ્રવિણભાઈ માળીએ સે- ૮ ની મુલાકાત લીધી હતી તેઓ સ્વાગત કાર્યક્રમ દરમિયાન ફુલ કે ગુલદસ્તો સ્વીકારતા નથી અલબત્ત વિદ્યાર્થીઓને શિક્ષણકાર્યમાં ઉપયોગમાં આવે તેવી નોટબુક જ સ્વીકારે છે. જેને અનુલક્ષી ગાંધીનગર કોર્ટના વકીલોએ તેમનુ નોટબુક આપી સ્વાગત કર્યુ હતુ આ પ્રસંગે સરકારી વકીલ યોગેશ વ્યાસ , સમિતસિંહ ગોહીલ તેમજ ગુજરાત બાર કાઉન્સિલના સભ્યોએ નોટબુકો આપી તેમનુ સ્વાગત કરી શુભેચ્છા પાઠવી હતી.

# પંચાયત પ્રમુખોને અપાતા માઈલેજ ભથ્થાના દરમાં સુધારો કરવા માંગ

ગાંધીનગર, તા. ૧

પંચાયોતના પદાધિકારીઓને ચૂકવવામાં આવતા માઈલેજ ભથ્થામાં વધારો કરવા, પંચાયતોને સુપ્રત થયેલ અન્ય વિભાગના કાર્યો પરત લીધેલ છે તે પંચાયતને સુપ્રત કરવા તેમજ ૧૫મા નાણાંપંચના કામોની ઝડપી વહીવટીય મંજૂરી મળે તે જોવા પંચાયત પરિષદના હોદ્દેદારોએ રાજ્યના મુખ્યમંત્રીને મળી રજુઆત કરી છે. ગઈકાલે પંચાયત પરિષદના હોદ્દેદારોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત લઈ અને પડતર પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરી હતી.

મુખ્યમંત્રીએ પંચાયત પરિષદ સંચાલિત પંચાયત પદાધિકારી તાલિમ કેન્દ્ર નોનવેલરથી અદ્યતન બનાવવાની ખાત્રી આપી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે સરકારનો અભિગમ હકારાત્મક છે અને રજુ થયેલા મુદ્દાઓ સંદર્ભે આગામી સમયમાં યોગ્ય નિર્ણય ઝડપથી લેવામાં આવશે. મુખ્યમંત્રીએ પંચાયતી રાજ વ્યવસ્થા વધુ મજબુત બને તેના પર ભાર મુક્યો હતો. તેમણે ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાનો આદર્શ અભિગમ ગુજરાતમાં સારી રીતે ચાલી રહ્યો છે. તેમણે પંચાયતોની આવકમાં વધારો થાય તેના પર સતત સરકાર કામ કરી રહી છે.આ બેઠકમાં ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ અને ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ નયનાબેન પટેલ, માનદમંત્રી ભરત ગાજીપરા અને પર્યુષાબેન વસાવા (પ્રમુખ, જિ.પં. નર્મદા), ઉપપ્રમુખ ભુપતભાઈ બોદર (પ્રમુખ, જિ. પં. રાજકોટ), જીવાભાઈ આહીર અને અલકાબેન શાહ (પ્રમુખ, જિ.પં. વલસાડ), ભાવેશભાઈ પટેલ પ્રમુખ-સુરત જિલ્લા પંચાયત, ધરમશીભાઈ ચણીયારા-પ્રમુખ જિ.પં. જામનગર, કામીનીબા સોલંકી પ્રમુખ જિ.પં. પંચમહાલ, ભાનુમતિબેન સોલંકી પ્રમુખ જિ.પં. પાટણ, ઘનશ્યામભાઈ વિરાણી પ્રમુખ જિ.પં. બોટાદ તથા ભીખુભાઈ આહીર પ્રમુખ-જિ.પં. નવસારી, શીતલકુમારી વાઘેલા પ્રમુખ જિ.પં. દાહોદ અને મલકાબેન પટેલ પ્રમુખ છોટાઉદેપુર જિ.પં. આ બેઠકમાં ઉપસ્થિત રહેલ. બેઠક પૂર્વ પંચાયત વિભાગના (રા.ક.) મંત્રી બચુભાઈ ખાબડ સાથે પ ણ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના હોદ્દેદારોને પંચાયતના પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરેલ અને તેઓએ રાજ્ય સરકાર આ બાબતે હકારાત્મક વલણ દાખવે છે. ટુંક સમયમાં તબક્કાવાર પ્રશ્નોનો નિરાકરણ લાવશે તેવી ખાત્રી આપેલ.



## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૧

ગજાનન સેવા સમિતિ દ્વારા ૬૫ લાભાર્થીને ચોખા, ગોળ, સીંગ, ચણા, મગદાળ, બિસ્કીટ વિગેરેનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. છાત્રેશ્વરી તથા વાંટડા તા. મોડાસામાં આ કાર્ય સંપન્ન કર્યુ છે. સમગ્ર કરીયાણું પારસ પ્રજાપતિ તરફથી હતુ. તેમના પરીવાર તથા મિલિન્દભાઈ આ કાર્યમાં જોડાયા હતા. ૧૫ લાભાર્થીને ભોજન પણ કરાવ્યુ હતુ.

# આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક

## વિદ્યાર્થીઓને રમતગમત અને વ્યાયામ તરફ વાળવા વાર્ષિક કેલેન્ડર તૈયાર કરાશે

ગાંધીનગર,તા.૦૧

ગુજરાત વિદ્યાપીઠ પરિસરની તમામ ઈમારતોની સફાઈ, મરામત અને રંગરોગાનનું કામ ટોચ અગ્રતાના ધોરણે હાથ ધરવા ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તાકીદ કરી છે. વિદ્યાપીઠનું કેમ્પસ પૂજ્ય ગાંધીજીના વિચારોને અનુરૂપ સ્વચ્છ, સુંદર અને સુઘડ બનાવવા માટે સમયબદ્ધ આયોજન કરવા તેમણે ટ્રસ્ટીઓને અનુરોધ કર્યો હતો. ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે આજે રાજભવનમાં ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ટ્રસ્ટીઓને સંબોધતાં તેમણે કહ્યું કે, ગુજરાત વિદ્યાપીઠના અમદાવાદ ઉપરાંત તમામ સેન્ટરોના ભવનો, છાત્રાલયો અને



રમતગમતના મેદાનો જીવંત કરવા સમયબદ્ધ આયોજન કરીએ. છાત્રાલયો સ્વચ્છ, સુવ્યવસ્થિત અને સુવિધાસભર બનાવવા અને છાત્રાલયો તથા વિદ્યાપીઠ પરિસરમાં સુરક્ષા અને સલામતીને વધુ સુદ્રઢ કરવા પણ તેમણે ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, યુવાનો ઊર્જાનો સ્રોત છે. તેમને નિયમિત રીતે રમત અને વ્યાયામ તરફ વાળવા જોઈએ. ગુજરાત વિદ્યાપીઠના તમામ સેન્ટરોમાં છાત્રો માટે રમતગમત અને વ્યાયામનું કાયમી કેલેન્ડર તૈયાર કરવા તેમણે સૂચન કર્યું હતું અને કહ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠના છાત્રો રમતગમતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ હાંસલ કરે એવી ક્ષમતા ધરાવે છે, તેમને યોગ્ય વાતાવરણપૂરું પાડવામાં આવશે. ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકનો આરંભ પરંપરાગત રીતે સર્વધર્મ સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત તમામ ટ્રસ્ટીઓએ ગુજરાત વિદ્યાપીઠના વિકાસ અને પ્રગતિ માટે ઉપયોગી સકારાત્મક સૂચનો સાથે કાર્યવાહીમાં સક્રિય ભાગ લીધો હતો. વિદ્યાપીઠના કાર્યકારી કુલનાયક પ્રો. ભરતભાઈ જોશીએ આરંભમાં સૌનું સ્વાગત કર્યું હતું. બેઠકનું સંચાલન કાર્યકારી કુલસચિવ શ્રી ડૉ. નિખિલભાઈ ભટ્ટે કર્યું હતું.

# મસ્તીની પાઠશાળા : નિઃશુલ્કપણે કાર્યરત શાળા

## એન્વાયરમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાવોલ ખાતે મસ્તીની પાઠશાળા છેલ્લા એક વર્ષથી જરૂરિયાતમંદ બાળકોને ભણતર આપવામાં આવી રહ્યું છે




ગાંધીનગર, તા. ૧

મસ્તી કી પાઠશાળા ગીત તો સૌ કોઈને ખ્યાલ જ હશે. બોલીવુડનું એવું ગીત જે સૌને પ્રિય છે નાના બાળકોને તો ખાસ. ત્યારે આ 'મસ્તીની પાઠશાળા' નામથી ગાંધીનગરમાં નિઃશુલ્ક પાઠશાળા કાર્યરત છે. એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાવોલ ખાતે 'મસ્તીની પાઠશાળા' શરૂ કરવામાં આવી છે. જે છેલ્લા એક વર્ષથી કાર્યરત છે. એસ.એન. પટેલ દ્વારા બાળકો માટે નિઃશુલ્ક પાઠશાળા શરૂ કરવામાં આવી છે.બાળકોમાં રહેલી પ્રતિભાને ઉજાગર કરવા અને આર્થિક રીતે નબળા વર્ગના જરૂરિયાતમંદ બાળકોને નિઃશુલ્ક ટ્યુશન વ્યવસ્થા અને ભણવા માટેનો આર્થિક સહયોગ મળી રહે અને બાળકોની ભોજન-બાળકોની રૂટિન હેલ્થ ચેકઅપ માટેની વ્યવસ્થા એટલે મસ્તીની પાઠશાળા. "વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે, પર દુ:ખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે..." આ ભોજનને ખરા અર્થમાં સાર્થક કરવા માટે એસ.એન. પટેલ દ્વારા એક નવીન પ્રયોગ કરવામાં આવ્યો છે. જેઓ પોતે ગાંધીનગરમાં પ્રાઈવેટ ટ્યુશન ક્લાસનો વ્યવસાય કરે છે અને તેઓ નવોદય ટ્યુશન ક્લાસીસ ચલાવે છે. ગાંધીનગરમાં ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા આર્થિક રીતે પછાત અને નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે કંઈક નવીન કરીને તેમનામાં રહેલી પ્રતિભાને ઉજાગર કરવાના હેતુથી ફી એક પણ રૂપિયાની ટોકન ફી લીધા વગર મફતમાં આ બાળકોને ટ્યુશન વ્યવસ્થા આપવા માટેનું બીડું ઝડપ્યું છે. એમનું કહેવું છે કે આપણે બધા બાળકોને તો ઉત્તીર્ણ નહી કરી શકીએ પરંતુ આમાંથી અમુક ટકા છોકરાઓને પણ આઈએએસ, આઈપીએસ, ડૉક્ટર, એન્જિનિયર જેવા ઉચ્ચ પદો પર નિયુક્ત કરવામાં સફળ રહીશુ તો આપણે આ બાળકોના થકી ભ્રષ્ટાચાર મુક્ત સ્વસ્થ અને સુંદર ભારતનું નિર્માણ કરવામાં સફળ રહીશું.આ મસ્તીની પાઠશાળામાં બાળકોને ભણતરની સાથે અન્ય ક્રિએટીવિટી કરાવવામાં આવે છે. બાળકોને દરરોજ બિસ્કીટ, ફળ, ભોજન આપવામાં આવે છે. અહીંયા સમાજના નાગરિકો દ્વારા જન્મદિવસ કે અન્ય ખુશીના પ્રસંગે બાળકો વચ્ચે આવીને એમને પ્રસાદ રૂપે કંઈક મદદ આપીને બાળકોની ખુશીમાં અનેક ઘણો વધારો કરવામાં આવે છે.આ સેવાકાર્યમાં રજનીશભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ, ચાંદનીબેન પટેલ, ગોપાલભાઈ, ભરતભાઈ ચૌધરી, પ્રજ્ઞાબેન પ્રજાપતિ, ઋતુ દવે, શુભમભાઈ પ્રજાપતિ, સુનિલભાઈ, કિરણભાઈ ચૌધરી, ભાવેશભાઈ ચૌધરી અને અન્ય વોલેન્ટિયર સેવા આપતા મિત્રોએ આ કાર્યમાં તન, મન, ધનથી જોડાઈને આ બાળકોમાં બદલાવ લાવવાનું એક બીડું ઉઠાવ્યું છે.